## ઓપરેશન કરાવેલ દર્દીઓનાં અભિપ્રાય



આખી જીંદગી દરજીનો સંચો ચલાવીને મારા ઘૂંટણ ઘસાઈ ગયા, આથી હું ડોલતો ડોલતો ચાલવા લાગ્યો. અચાનક મારા ગુરૂ પ્રમુખસ્વામી મહારાજ અને સંતોની કૃપાથી મને ડૉ. ભદ્રેશ રાઠોડ સાહેબનો સંપર્ક થયો. મેં તેઓ પાસે ઓપરેશન કરાવ્યું ને દશમાં દિવસથી, ટાંકા તોડાવ્યા પહેલાથી, હું આખા શહેરમાં ફરી શકુ છું. આજે મારા ઘૂંટણનું દર્દ તદ્ન ગાયબ થઈ ગયું છે.

લિ. શ્રી પ્રવીણભાઈ સરવૈયા (દરજી)



હું તો ખેડુત માણસ એટલે ખેતીકામ કરવાથી મારા ઘૂંટણ ઘસાઈ ગયેલા. મને બંને ઘૂંટણમાં બહુ જ દુ:ખે, બરાબર ચાલી પણ નહોતો શકતો. મારા સગાં અને સંતોના કહેવાથી મે BAPS પ્રમુખસ્વામી હોસ્પિટલમાં ડૉ. ભદ્રેશ રાઠોડ પાસે ઘૂંટણનું ઓપરેશન કરાવ્યું. આજે દોઢ મહિના પછી હું દરરોજ ત્રણ થી ચાર કિલો મીટર ચાલું છું ને ૧૨ થી ૧૫ કિ.મી. હોન્ડા ચલાવીને ખેતરે પણ જાઉં છું.

લિ. શ્રી નટુભાઈ (ખેડુત)



ઓપરેશન કરાવ્યા પહેલાં મને ઘૂંટણમાં બહું જ દુ:ખતું હતું. મારે પાણી પીવા માટે, સંડાસ જવા માટે અડધો અડધો કલાક સુધી કોઈકની રાહ જોવી પડતી, હું એકલી એકલી રડતી મને ઓપરેશનની પણ બહુ જ બીક લાગતી, પણ હિંમત કરીને BAPS પ્રમુખસ્વામી હોસ્પિટલમાં ડૉ. ભદ્રેશ રાઠોડ પાસે ઘૂંટણનું ઓપરેશન કરાવ્યું. અને મારા દિવસ બદલાઈ ગયા, આજે ઓપરેશન કરાવ્યાને ૨૫ દિવસ થયા છે હું કોઈના કોઈપણ ટેકા વગર ચાલી શકુ છું. એટલું જ નહીં પણ મારાથી તમામ દાદર ચડી શકાય છે. શારિરીક ક્રિયાને પણ હું જાતે કરી શકું છું. ખરેખર ડૉ. ભદ્રેશ રાઠોડનો ખૂબ ખૂબ આભાર....

લિ. શ્રીમતી પાર્વતીબેન પટેલ (ચીખલી)



મેં ડૉ. ભદ્રેશ રાઠોડ પાસે મારા ડાબા પગના ઘૂંટણનું ઓપરેશન કરાવ્યું ને માત્ર એક જ મહિનામાં દુ:ખાવામાં એટલી બધી રાહત થઈ છે કે મને જેવી પૈસાની વ્યવસ્થા થાય કે બીજા પગનું ઓપરેશન પણ ડૉ. ભદ્રેશ રાઠોડ પાસે કરાવી જ નાંખવું છે.

લિ. શ્રીમતી આરાધનાબેન (અમદાવાદ)

# ઘૂંટણના દર્દને જાણો




|| આરોગ્યમ્ સર્વદા ||

**BAPS**
**પ્રમુખસ્વામી હોસ્પિટલ**

શ્રી પ્રમુખસ્વામી મહારાજ માર્ગ, અડાજણ ચાર રસ્તા,
સુરત - ૩૯૫ ૦૦૯. (ગુજ.) ઈન્ડિયા

**Tel :** + 91 0261-2781000, **Fax :** + 91 0261-2780567
**Health line :** 98796 44144 / 98796 44244 / 99989 92103 / 04



# ડૉ. ભદ્રેશ રાઠોડ

એમ. એસ. (ઓર્થો)
એ. એફ. આઈ. એચ.

## જોઈન્ટ રીપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન
## BAPS પ્રમુખસ્વામી હોસ્પિટલ, સુરત

સને ૨૦૦૫ માં વી. એસ. હોસ્પિટલ અમદાવાદમાં ડૉ. પંકજ દિવેટીયાના માર્ગદર્શન હેઠળ એમ. એસ. ઓર્થોપેડીક સર્જનની ડીગ્રી પ્રાપ્ત કરી.

ત્યારબાદ પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી **BAPS** પ્રમુખસ્વામી હોસ્પિટલ, સુરત ખાતે છેલ્લા નવ વર્ષથી જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન એન્ડ ઓર્થોપેડીક સર્જન, ફૂલટાઈમ કન્સલ્ટન્ટ ડોકટર તરીકે સેવા આપી રહ્યા છે.

તેઓએ મુંબઈના ખ્યાતનામ ડૉ. નંદુ લાડ પાસેથી જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જરીનો બહોળો અનુભવ પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત વિશ્વ પ્રસિધ્ધ ડૉ. ડેવીડ રાજન (કોઈમ્બતુર), ડૉ. ઝુનઝુનવાલા (બોમ્બે હોસ્પિટલ) તથા ડૉ. રાહુલ શાહ (ભાટીયા હોસ્પિટલ-મુંબઈ), પાસેથી આર્થ્રોસ્કોપી અને જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જરીનો બહોળો અનુભવ પ્રાપ્ત કરેલ છે. તેઓ ટ્રોમા સર્જરીમાં પણ નિષ્ણાંત છે.

|| આરોગ્યમ્ સર્વદા ||
BAPS
પ્રમુખસ્વામી હોસ્પિટલ

## શસ્ત્રક્રિયાની સફળતા કે નિષ્ફળતા માટેના કારણો

**૧. દર્દી :**
- દર્દીની શારિરિક માનસિક સ્થિતિ.
- સાંધાની આજુબાજુના સ્નાયુની સ્થિતિ.
- હાડકાની મજબુતાઈ કે નબળાઈ (ઓસ્ટીઓપોરોસીસ)

**૨. ડોકટર :**
- તેમનો અનુભવ.
- કરેલ શાસ્ત્રક્રિયાનું પરિણામ.
- સફળતાનો આંક.

**૩. ઓપરેશન થીએટર :**
- શુધ્ધ વાતાવરણવાળુ (Laminar Airflow) ઓ.ટી.
- આધુનિક યંત્રો અને સુવિધાઓથી સંપુર્ણ સજ્જ
- સ્ટીલની દિવાલો.
- એપોકસી કોટેડ ફ્લોર અને છત્

## શ્રધ્ધા અને આત્મવિશ્વાસ

